જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૪/૫/૨૦૧૪ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૪/૧૪**

**ક્રાઈમ બ્રાન્ચ :-** **(૧)**

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી ક્રાઈમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એસ.આર.ટંડેલ નાઓના સ્ક્વોડના પો.સ.ઇ. શ્રી એસ.એન. કુર્મી તથા સ્કોડના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ શોધવા સારુ પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સ્ટાફના માણસોને મળેલ બાતમી હકીકત આધારે તા.૦૩/૦૫/૧૪ ના ક. ૧૮/૧૦ વાગે સારંગપુર સર્કલ, પાણીની ટાંકી પાસેથી આરોપી હબીબ ઉર્ફે જટ સ/ઓ રસુલભાઈ પઠાણ, ઉ.વ.-૩૪, રહે. પઠાણની ચાલી, ઇદગાહ પુલ નીચે, અસારવા, અ'વાદ શહેર ને અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ-૨૦ કિ.રૂ.૧૮,૦૦૦/- ની મત્તા સાથે પકડી પાડી સદરીની પુછપરછ કરતા તમામ મોબાઈલ ફોનો પોતે તથા પોતાના સાગરીતો સાથે મળી સાંજના અંધારુ થયા બાદ કાલુપુરથી ઉપડતી અને સાબરમતી તરફ જતી ટ્રેનો મા બેઠેલ પેસેન્જરો જેઓ પોતાના હાથમા મોબાઈલ ફોન રાખી વાત કરતા હોય, અને બારી પાસે બેઠેલ હોય, તથા દરવાજા પાસે ઉભા હોય, જે વખતે અસારવા બ્રીજ પાસે, રેલ્વેલાઈનની સમાંતર આ ટોળકીના એક સભ્ય મોબાઈલ સાથે પેસેન્જર વાત કરતો આવે છે અથવા હાથમા મોબાઈલ લઈને દરવાજા ઉપર ઉભો છે તે અંગે બીજા સગરીતને સીગ્નલ આપતો અને તે પેસેન્જર ઉપર લાકડાની પટ્ટી તથા દંડાથી ફટકો મારતો અને ત્રીજો સાગરીત ફોન ક્યાં પડે છે? તેનુ ધ્યાન રાખી ફોન લઈ લેતા. આ રીતે આશરે ૨૦ જેટલા મોબાઈલ ફોનો પડાવી લીધેલ હોવાનુ જણાવેલ છે.

તેમજ આજથી આશરે આઠેક દિવસ પહેલા રાત્રીના દશેક વાગ્યાના સુમારે સદર આરોપી તથા અન્ય બે સાગરીતો મળી ત્રણેય ભેગા મળી અસારવા બ્રીજ નીચે આવેલ રેલ્વે લાઈન ઉપર કાલુપુર રેલ્વે સ્ટેશન થી ઉપડેલ અને સાબરમતી તરફ જતી સુર્યનગરી ટ્રેન ડબ્બાના દરવાજા પાસે બેઠેલ મુકેશ હસ્તીમલ રાવ રહે. ફાલના, રાજસ્થાન વાળાનો ફોન પડાવી લેવા લાકડાનો દંડો માથામાં મારેલ જેથી તે મોબાઈલ ફોન સાથે ચાલુ ટ્રેનમાથી નીચે પડી ગયેલ અને તેની પાસેનો મોબાઈલ ફોન આરોપીએ લઈ લીધેલો અને નીચે પડેલ મુકેશ હસ્તીમલ રાવ ટ્રેનની અંદર આવી જતા તેનો હાથ કપાઈ ગયેલ અને સારવાર દરમ્યાન તે મરણ ગયેલ હોવાનુ જણાઈ આવેલ છે. જે બાબતે કાલુપુર રેલ્વે પો.સ્ટે. ખાતે અકસ્માત મોત નો ગુન્હો નોંધાયેલ છે. તેમજ પકડાયેલ આરોપી પાસે થી મળી આવેલ ૨૦ મોબાઇલ ફોન પૈકી મરણ જનારનો નોકીયા ૨૭૦૦ મોડલ નો પણ મો. ફોન મળી આવેલ છે. તેમજ આરોપી ના નિવેદન આધારે આરોપીઓ વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી થવા સારૂ કાલુપુર રેલ્વે પો.સ્ટે. ને જાણ કરવામા આવેલ છે. અને તે અનુસંધાને કાલુપુર રેલ્વે પો.સ્ટે. ફ.ગુ.ર.નં.-૬૫/૨૦૧૪ આઈ.પી.સી. ક.૩૦૨, ૩૯૨ ૧૧૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે.

પકડાયેલ આરોપીની સીઆર.પી.સી. ક.૪૧(૧)(ડી) મુજબ તા.૩/૦૫/૧૪ ક.૧૮/૧૦ વાગે અટક કરેલ છે અને આ બાબતે આરોપી તથા મુદ્દામાલ રેલ્વે પો.સ્ટે. ખાતે વધુ તપાસ અર્થે સંભાળી લીધેલ છે.

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી ક્રાઈમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એસ.આર.ટંડેલ નાઓના સ્ક્વોડના પો.સ.ઇ. શ્રી એસ.એન. કુર્મી તથા એબ્સ્કોન્ડેર સ્કોડના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં નાસતા ફરતા તેમજ વોન્ટેડ આરોપીઓની તપાસમા પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સ્ટાફના માણસોને મળેલ બાતમી હકીકત આધારે તા.03/૦૫/૧૪ ના ક. ૧૬/૧૫ વાગે અવની હોમ્સ નામની નરોડા વિસ્તારમા આવેલ સાઈડ ઉપરથી વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.-૩૩૧/૨૦૧૨ ઇ.પી.કો. ક.૩૬૩, ૩૬૬ મુજબના ગુન્હામા સગીર વયની છોકરી રામસિંગભાઈ પરમારની દિકરી ઉ.વ.-૧૭ ને આરોપી કલાભાઈ દુબ્બુભાઈ બબેરીયા ઉ.વ.-૨૧ રહે. હાલ અવની હોમ્સ નામની નરોડા, અ'વાદનાનો અપહરણ કરી બે વર્ષથી નાસતો ફરતો હતો. જે આરોપીને પકડી ધોરણસરની કાર્યવાહી કરી આરોપી તથા ભોગબનનારને આગળની ઘટતી કાર્યવાહી માટે વટવા પો.સ્ટે. ખાતે સોંપવામા આવેલ છે.

## ઇસનપુર પો.સ્ટે.:-

ઇસનપુર પો.સ્ટે.જા.જોગ એન્ટ્રી નંબર 39/14 તા: 3/5/14 મુજબના કામમા હકીકત એવી છે કે ઇસનપુર પો.સ્ટે.સર્વે.સ્કોડના માણસો તા: 3/5/14 ના રોજ પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે સમય દરમ્યાન હે.કો.લક્ષ્મણસિંહ અભેસિંહ શૈલેશભાઇ માધાભાઇ તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક 12/45 વાગે ચોકીદારબાવાની દરગાહ પાસે આવતા સાથેના પો.કો.અનિલકુમાર કનૈયાલાલ નાઓને બાતમી મળેલ કે બે ઇસમો ચોરીની સીએનજી ઓટોરીક્ષા નંબર જીજે-1-ડીટી-1638 ની લઇને અત્રેથી નીકળનાર હોય વોચમા રહેતા લઇ આવતા જેઓને પકડી તા: 3/5/14 ના કલાક 13/45 વાગે સીઆરપીસી કલમ 41(1)ડી મુજબ અટક કરેલ છે જેઓના નામ સલીમ ઉર્ફે સળીયો સ/ઓફ યુસુફભાઇ મીર ઉ.વ.32 રહે.અમ્મા મસ્જીદ સામે નવાબનગરના છાપરા ઇસનપુર અ'વાદ શહેર તથા સાદીક ઇકબાલભાઇ છીપા ઉ.વ.30 રહે.ડી/64, શાનનગરના છાપરા ચોકીદાર બાવાની દરગાહ સામે દાણીલીમડા અ'વાદ શહેર છે.જેઓની સઘન પુછપરછ કરતા જેઓએ ઇસનપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.39/14 ઇ.પી.કો.કલમ 379,114 મુજબના કામે તા: 18/2/14 ના કલાક 23/00 થી 24/00 તા: 19/2/14 ના કલાક 0/0 થી 5/00 વાગ્યાના સમય દરમ્યાનમા શ્રીરામ પાર્ક સોસા,ના નાકે લોટસ સ્કુલ સામેથી ઓટોરીક્ષા નંબર જીજે-1બીએક્સ-3052 ની ચોરી કરેલ જે ગુનાના કામે સદર આરોપીઓને તા: 3/5/14 ના કલાક 19/00 વાગે અટક કરવામા આવેલ છે તેમજ સઘન પુછપરછ દરમ્યાન મેઘાણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.54/14 ઇ.પી.કો.કલમ 379 મુજબના કામે ચોરાયેલ ઓટોરીક્ષા નંબર જીજે-1ડીટી-1194 કિ.રૂ.80,000/- ની ચોરેલાનુ કબુલતા હોય જેથી તા: 3/5/14 ના કલાક 17/00 વાગે મેઘાણીનગર પો.સ્ટે.ખાતે આરોપીનો તથા મુદ્દામાલનો કબ્જો મેળવી લેવા સારૂ વર્ધી લખાવવામા આવેલ છે.

## વટવા પોલીસ સ્ટેશન :-

(૧) વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૨૮/૧૪ ઇ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનાના કામના આરોપી જીસાન હૈદર ઉર્ફે સહેનશાસન ઓફ મુસ્તાકઅલી સૈયદ ઉ.વ.૨૪.રહે જાહાગીર નગર ગુલમહોર સોસા સૈયદ કાસીમ ના મકાનમા વટવા અ'વાદ નાને ઉપરોક્ત ગુનામાં પો.સબ. ઇન્સ. શ્રી જે.એન.ગોસ્વામી નાઓએ તારીખ ૦૩/૦૫/૧૪ ના ક્લાક ૨૦/૧૫ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

(૨) વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૩૩૧/૨૦૧૨ ઇ.પી.કો કલમ.૩૬૩,૩૬૬,૩૭૬ તથા ધી પ્રોટેક્શન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેંન્સી એક્ટ ૨૦૧૨ ની કલમ ૩,૪ મુજબ ના ગુનાના કામે આરોપી કલાભાઇ @ કમલેશ S/O દુગ્ગુભાઇ બબેરીયા ઉ.વ.૨૧ રહેવાસી બાપા સીતારામ ચોક અવની હોમ સાઇડની ઓરડીમાં નવા નરોડા અમદાવાદ મુળવતન ગામ.રાછરડા પટેલ ફળીયુ તા.જીલ્લો દાહોદ નાને તથા સાહેદ છોકરી નાઓને અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચના મ.સ.ઇ શ્રી આર.આર.ત્રીપાઠી નાઓએ હે.કો.હીતેન્દ્રસિંહ ખોડુભા બ.નં ૮૦૯૨ નાઓને મળેલ બાતમી આધારે સ્કોડના માણસો સાથે ખાતેથી બાપા સીતારામ ચોક પાસે આવેલ અવની હોમ્સ નામની સાઇડ પરથી પકડી આરોપીને C.R.P.C. 41(1) આઇ મુજબ તા: ૦૩.૦૫.૨૦૧૪ ના ક.૧૬.૧૫ વાગે અટક કરી અત્રે સોંપતા અત્રેના પો.સ્ટે.ના સેક્ન્ડ પો.ઇન્સ. શ્રી ડી.બી.પરમાર નાઓએ નાને ઉપરોકત ગુનાનાકામે તા.૦૩/૦૫/૨૦૧૪ ના કલાક ૨૩/૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.